આવ્યા તારીખ	૨૦/૦૬/૨૦૧૩
દાખલ તારીખ	૨૦/૦૬/૨૦૧૩
ફેસલ તારીખ સમયગાળો	૧૬/૦૧/૨૦૨૩ દી. માસ. વર્ષ

અમદાવાદના મે. એડી. ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટની કોર્ટ નંબર ૨૭માં,
મું.અમદાવાદ
ક્રિમીનલ કેસ નં:૭૫૫/૨૦૧૩
આંક:

ફરિયાદી:– જયલક્ષ્મી ફાયનાન્સના માલીક
નિર્મળકુમાર ચંપાલાલ જૈન
ઉ.વ. પુખ્ત, ધંધો– વેપાર, ધર્મ–હિન્દુ,
રહે–૫૮, કોઠારી માર્કેટ, દિવાન બલ્લુભાઇ માર્ગ,
કાંકારીયા, અમદાવાદ.

વિરુદધ

આરોપી :– ધર્મેન્દ્રભાઇ શીવનારાયણભાઇ ગુપ્તા
ઉ.વ. પુખ્ત, ધંધો– ટ્રાન્સપોર્ટ, ધર્મ–હિન્દુ,
રહે–૮૦૭, સંત રોહીદાલ સોસાયટી, મુ.ભાટ ગામ,
તા.જી.ગાંધીનગર.

<u>ગુનો: નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ</u>

ફરીયાદપક્ષ તર્ફે:વિ.વ.શ્રી. કે.એસ.ઠાકર

આરોપીપક્ષ તર્ફે:વિ.વ.શ્રી. એમ.ટી.શેખ

-: ચુ કા દો :-

---

(૧) આ કામનો આરોપી ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ- ૧૮૮૧ની(**જેને સગવડતાં ખાતર હવે પછી 'એક્ટ-૧૮૮૧' તરીકે સંબોધન કરવામાં આવેલ છે.**) કલમ ૧૩૮ હેઠળનાં શિક્ષાપાત્ર ગુનાનો સામનો કરી રહેલ છે.

(૧.૧) ફરિયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી તેમના ઉપરોક્ત જણાવેલ સરનામે જયલક્ષ્મી ફાયનાન્સના નામથી વાહનો ઉપર હાયર પરચેજ એગ્રીમેન્ટથી ધીરાણ કરવાનો કાયદેસરનો ધંધો કરે છે. જેમા ફરીયાદી તેમની પેઢી ઉપર બેસી રોજબરોજનો ધંધો કરે છે. તેમજ પેઢીના રોજબરોજના ધંધાથી માહીતગાર છે. જ્યારે આ કામના આરોપી ઉપર જણાવેલ સરનામે રહી ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે અને તેમના ટ્રાન્સપોર્ટના ધંધાને લગતા ઘણા વાહનો ધરાવે છે. તે પૈકી ટાવેરા વાહન નં.જી.જે.૧.એચ.કે.૯૯૩૧ (એમ૦.૨૦૦૬) વાહન ધરાવે છે અને ભાડે ફેરવે છે. આ કામના આરોપીને તા.૧૦.૦૧.૨૦૧૧ ના રોજ ફરીયાદીની ઉપરોક્ત ઓફીસે આવી આરોપીએ તેમનું ટાવેરા વાહન નં.જી.જે.૧.એચ.કે.૯૯૩૧ (એમ૦.૨૦૦૬) વાહન ઉપર હાયર પરચેજ એગ્રીમેન્ટ નો લેખીત કરાર કરી તે કરારની શરતો તથા નીતી નિયમોથી વાકેફ થઇ આ આરોપીએ ફરીયાદી પાસેથી રૂા.૨,૫૦,૦૦૦/- અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરાનું ધિરાણ મેળવેલ તેમજ ફાયનાન્સ કમીશન વિગેરેનો રકમ રૂા.૬૨,૫૦૦/- અંકે રૂપિયા બાંસઠ હજાર પાંચસો પુરા એમ કુલ મળી રૂા.૩,૧૨,૫૦૦/- થાય છે.

જે રકમ દર માસના રૂા.૧૨,૫૦૦/– અંકે રૂપિયા બાર હજાર પાંચસો પુરાના એક એવા કુલ ૨૫ હપ્તાઓમાં પરત ચુકવવાની હતી. જે પૈકી આ આરોપીએ ફકત ૭ હપ્તાઓની રકમ રૂા.૮૭,૫૦૦/– અંકે રૂપિયા સીત્યાસી હજાર પાંચસો પુરા જ ભર્યા છે અને ૧૮ હપ્તાઓ ચઢી ગયેલ છે. તેમજ સદર કરારની મુદત તા.૦૯.૦૧.૨૦૧૩ ના રોજ પુરી પણ થઇ ગયેલ છે. આમ આ કામના આરોપીએ સદર રકમ નીયમીત માસીક હપ્તાઓમા પરત ચુકવી આપવાની પાકી ખાતરી અને વિશ્વાસ આપેલ હોવા છતા આ આરોપીએ સદરહુ હપ્તાઓ ભરવામાં તદન નિષ્ફળ અને બેદરકાર રહેલ છે અને હપ્તાઓ ચઢી ગયેલ છે. જે હપ્તાઓની રકમ ફરીયાદીના આરોપી પાસે બાકી લેણા નિકળે છે.

(૧.૨) વધુમાં, આ કામનાં ફરિયાદીએ આરોપી પાસે પોતાની કાયદેસરની બાકી લેણી રકમની ઉઘરાણી કરતાં, આ કામનાં આરોપીએ આઇ.સી.આઇ.સી. આઇ. બેંક, આશ્રમ રોડ, અમદાવાદ શાખાનો તા.૧૯.૦૩.૨૦૧૩ ના રોજનો ચેક નં.૭૫૨૪૯૩નો આરોપીના ખાતા નં.૦૧૮૯૦૫૦૦૧૭૧૩ નો રૂા.૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પુરા) નો ફરીયાદી પેઢીમા પોતાની સહી કરીને ફરીયાદીને આપેલ. અને સદરહુ ચેક આપતી વખતે આ આરોપીએ ફરીયાદીને એવો પાકો ભરોસો અને વિશ્વાસ આપેલ કે સદરહુ ચેક બેંકમાં રજુ કરતા સદર ચેક ના નાણાં મળી જશે. આમ આ આરોપીના કથન ઉપર ભરોસો અને વિશ્વાસ રાખી ફરીયાદીએ સદરહુ ચેક સ્વીકારેલ.

(૧.૩) સદર ચેક આ કામનાં ફરિયાદીએ પોતાનું ખાતુ ધરાવતી યુકો બેંક, ન્યુ કલોથ માર્કેટ, અમદાવાદ શાખામાં પોતાના ખાતા નં.૦૪૦૯૦૨૧૦૦૦૧૪૮૬

માં તા.૧૯.૦૩.૨૦૧૩ ના રોજ ક્લિયરિંગ માટે જમા કરાવતાં, મજકુર ચેક તા.૨૦.૦૩.૨૦૧૩ ના રોજ "ફન્ડસ ઈન્સફીસીયન્ટ" ના શેરાથી સ્વીકાર્યા વગર પરત થયેલ. તે અંગેની જાણ ફરીયાદીને તેમની બેંકે તા.૨૨.૦૩.૨૦૧૩ ના રોજ કરેલ. જેથી, ફરીયાદીએ પોતાના વિ. વકીલશ્રી મારફતે તા.૧૬.૦૪.૨૦૧૩ ના રોજ આરોપીને કાયદાનુસારની ચેક રીટર્ન થયાની જાણ કરતી નોટીસ આપેલ. સદર નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ ફરિયાદીની કાયેદસરની લેણી રકમ ચુકવી આપેલ નહીં જેથી, ફરીયાદીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ–૧૮૮૧ ની કલમ – ૧૩૮ અન્વયે હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

(૨) સદર કામે મારા પુરોગામી વિદ્વાન એડી. ચીફ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનાઓએ આરોપી વિરુદ્ધ ગુનાનું સંજ્ઞાન લીધા બાદ સદર કેસના કામે સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ અને આરોપીને સમન્સની બજવણી થતા, સદર અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદના કાગળોની નકલ વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડ ની કલમ–૨૫૧ મુજબ આરોપીની પ્લી આંક–૦૪ થી નોંધવામાં આવતાં, સબબ આરોપીએ આક્ષેપયુક્ત ગુનાનો ઈન્કાર કરતા, આરોપી વિરુદ્ધ સદર કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) વધુમાં, બચાવપક્ષને મૌખિક તેમજ લેખિત પુરાવો રજુ કરવાની વ્યાજબી અને પુરતી તક મળી રહે અને હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ પદ્ધતિથી ચલાવવાનું વાજબી અને યોગ્ય જણાતાં મારા પુરોગામી વિદ્વાન એડી. ચીફ મેટ્રોપોલિટન

મેજીસ્ટ્રેટ સાહેબશ્રીનાઓ હ્વારા હાલનો કેસ સમન્સ ટ્રાયેબલ પદ્ધતિથી ચલાવવાનો હુકમ આંક ૧ લગત કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના દસ્તાવેજી તથા મૌખીક પુરાવા રેકર્ડ પર લાવવામાં આવેલ છે.

–:મૌખિક પુરાવો:–

સા.નં	નામ	આંક
૧	ફરીયાદી જયલક્ષ્મી ફાયનાન્સના માલીક નિર્મળકુમાર ચંપાલાલ જૈનની સરતપાસનું સોગંદનામું	૦૫

–:દસ્તાવેજી પુરાવો:–

અ.નં	વિગત	આંક
૧	આરોપીએ ફરીયાદીને આપેલ ચેક નં.૭૫૨૪૯૩ અસલ	૦૮
૨	ચેક નં.૭૫૨૪૯૩ નો અસલ રીટર્ન મેમો	૦૯
૩	આરોપીને આપેલ ડીમાન્ડ નોટીસની સ્થળપ્રત	૧૦
૪	નોટીસ રજી. એડી. કર્યા અંગેની અસલ પહોંચ	૧૧
૫	પોસ્ટખાતાનું અસલ એકનોલેજમેન્ટ	૧૨
૬	ધિરાણ મેળવવા વિનંતી પત્ર અસલ	૧૩
૭	ધિરાણ અંગેનું એગ્રીમેન્ટ અસલ	૧૪

(૫) ફરિયાદપક્ષે વધુ પુરાવો આપવા માંગતાં ન હોવાનું આંકઃ૨૦ ની પુરસીસથી જાહેર કરેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા આરોપીએ આક્ષેપયુક્ત ગુનાનો ઈન્કાર કરી વિશેષમાં

જણાવેલ છે કે, *"ખોટો કેસ કરેલ છે અમારી પાસે કાયદેસરનું લેણુ માંગતા નથી."*

(૬) ત્યારબાદ બચાવપક્ષ તરફથી પોતાનો કેસ પુરવાર કરવા નીચે મુજબના દસ્તાવેજી તથા મૌખીક પુરાવા રેકર્ડ પર લાવવામાં આવેલ છે.

-:મૌખિક પુરાવો:-

સા.નં	નામ	આંક
૧	સાહેદ કેવલકુમાર છોટુભાઈ પટેલની સરતપાસનું સોગંદનામું	૩૫

બચાવપક્ષે વધુ પુરાવો આપવા માંગતાં ન હોવાનું આંકઃ૩૬ ની પુરસીસથી જાહેર કરેલ છે.

(૭) ફરીયાદીની ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવાના પરીપ્રેક્ષ્યમાં સદર કેસનો ન્યાયીક અંત આણવા મારી સમક્ષ નીચે મુજબના મૃદા ઉપસ્થિત થાય છે.

<u>-:મુદ્દા:-</u>

મુદ્દા.નં.૧:-

શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ સમગ્રરીતે અથવા અંશતઃ, કોઈપણ કાયદેસરનું દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે, પોતે નિભાવતો હોય તેવા ખાતાનો સવાલવાળો ચેક ફરિયાદીને આપેલ અને તે ચેક, નિયત સમયમાં ફરિયાદીએ બેંક સમક્ષ રજૂ કરતાં, તે ચેક ચૂકવણી કર્યા વિના પરત ફરેલ છે અને તે અંગે ફરિયાદીએ આરોપીને નિયત સમયમાં નોટીસ આપી, સદરહું ચેકની રકમની માંગણી કરવા છતાં, આરોપી

નિયત સમયમાં સદરહું રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ છે અને તેમ કરી, આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

મુદ્દા.નં.૨:– શું હુકમ ?

(૭.૧) ઉપરોક્ત મુદ્દા અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા.નં.૧:– હકારમાં
મુદ્દા.નં.૨:– આખરી હુકમ મુજબ

// દલીલો //

(૮) આરોપીનું વિશેષ નિવેદન નોંધાયા બાદ આંકઃ૩૮ થી ફરિયાદપક્ષના વિ.વ.શ્રીએ લેખિત દલીલ રજુ કરેલ છે. જેને વંચાણે લીધેલ છે. તેમજ પોતાની દલીલનાં સમર્થનમાં નીચે મુજબનાં ચુકાદાઓ રજુ કરેલ છે.

1. 2016 CRI. L. J. P. N. 4338
NIKHIL P. GANDHI v/s STATE OF GUJARAT
2. 2016 10 SUPREME COURT CASES 458
SAMPELLY SATYANARAYANA RAO v/s INDIAN RENEWABLE ENERGY DEVELOPMENT AGENCY LIMITED
3. 2018 8 SUPREME COURT CASES 165
KISHAN RAO v/s SHANKAR GOUDA
4. 2018 8 SUPREME COURT CASES 469
T. P. MURUGAN (DEAD) THORUGH LEGAL REPRESENTATIVE v/s BOJAN AND POSA NANDHI REPRESENTED THROUGH POWER OF ATTORNEY HOLDER
5. THE SUPREME COURT OF INDIA
CRIMINAL APPELLATE JURISDICTION
CRIMINAL APPEAL NOs 230-231 OF 2019
(@ SLP (CRI) NOs 9334-35 OF 2018)
BIR SING v/s MUKESH KUMAR
6. THE SUPREME COURT OF INDIA

CRIMINAL APPELLATE JURISDICTION
CRIMINAL APPEAL NOs 508 OF 2019
(@ SLP (CRI) NOs 1883 OF 2018)
ROHITNHAI JIVANLAL PTEL v/s STATE OF GUJARAT & ANR

7. CRIMINAL APPEAL NO. 271 OF 2020 WITH
CRIMINAL APPEAL NO. 272 OF 2020
SUPREME COURT OF INDIA
APS FOREX SERVICES PVT.LTD v/s SHAKTI INTERNATIONAL FASHION LINKERS & ORS.

8. CRIMINAL APPEAL NO. 123 OF 2021
(ARISING OUT OF SPECIAL LEAVE PETITION (CRI) NO.1876 OF 2018)
M/S KALAMANT TEX & ANR v/s P. BALASUBHRAMANIAN

(૯) ત્યારબાદ બચાવપક્ષે આંકઃ૩૯ થી લેખિત દલીલ રજુ કરેલ છે. બન્ને પક્ષકારોની દલીલોનું પુનરાવર્તન ટાળવાં પુરાવાનાં પૃથ્થકરણમાં વણી લેવામાં આવેલ છે.

<u>// કારણો //</u>

<u>મુદ્દા નં–૧:–</u>

(૧૦) આરોપી સામેનો આક્ષેપિત ગુનો સાબિત કરવા માટે આ કામે ફરિયાદીએ નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ ૧૮૮૧ ના આવશ્યક તત્વો સાબિત કરવાના રહે છે. નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ના નીચે મુજબના આવશ્યક તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરિયાદીના શિરે રહેલી છે.

૧. આરોપીએ પોતાના દ્વારા નિભાવવામાં આવતા ખાતામાંથી નાણાં ચૂકવવા ફરિયાદીને ચેક આપેલ.

૨. આરોપીએ ફરિયાદીને આવો ચેક સમગ્ર અથવા અંશતઃ દેવું અથવા

જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

૩. ચેક જે તારીખે લખેલ હતો તે તારીખથી ચેકને નિયત સમયમર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

૪. ચેક આરોપીના ખાતામાં અપૂરતા ભંડોળને કારણે પરત થયેલો.

૫. ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ ૩૦ દિવસની સમયમર્યાદામાં નાણાંની માગણી કરતી લેખિત નોટીસ ચેક લખનાર (આરોપી)ને મોકલેલ હતી.

૬. આરોપીને આવી લેખિત નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં પંદર દિવસના સમય મર્યાદામાં ચૂકવી આપેલા નથી.

(૧૦.૧) આ કામે રેકર્ડ ઉપર રજુ સમગ્ર પુરાવાનું મૂલ્યાંકન કરતાં અગાઉ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૧૮ અને ૧૩૯ અન્વયે અદાલતે કેટલાક અનુમાનો કરવાના હોય છે. જો એકવાર એવું પુરવાર થાય કે આરોપીએ ફરિયાદીને ચેક આપેલ હતો તો તે અનુસંધાને અદાલતે કેટલાક અનુમાનો કરવાના રહે છે. જોકે આ અનુમાનો નિર્ણાયક પુરાવો નથી પરંતુ તેવા અનુમાનો યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસાથી ખંડન કરી શકાય. વધુમાં સદર કાયદાકીય અનુમાનોનું ખંડન કરવા આરોપીએ સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ એવો કાયદાનો કોઈ નિયમ નથી પરંતુ સંભવિતતા પ્રાબલ્ય (પ્રિ પોન્ડરન્સ ઓફ પ્રોબેબિલિટી) થકી તેમજ ફરિયાદીનાં ઉલટ તપાસ તેમજ રેકર્ડ ઉપર ના પુરાવા ઉપરથી અનુમાનોનું ખંડન કરી શકે છે.

(૧૦.૨) આ તબક્કે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 118 તથા 139

ની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી છે.

118. **Presumptions as to negotiable instruments.** Until the contrary is proved, the following presumptions shall be made:

(a) **of consideration.** that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) **as to date.** that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **as to time of acceptance.** that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer.** that every transfer of a negotiable instrument was made before its maturity;

(e) **as to order of indorsements.** that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamp.** that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course.** that the holder of a negotiable instrument is a holder in due course: Provided that, where the instrument has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or

has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

139. Presumption in favour of holder. It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque, of the nature referred to in section 138, for the discharge, in whole or in part, of any debt or other liability.

(૧૧) આ કામે ફરિયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે આંકઃ–૦૪ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં ફરિયાદની હકીકતને વળગી રહેલ છે. ફરિયાદની હકીકતનું ઉપરોક્ત વર્ણન કરવામાં આવેલ હોય, અત્રે સદર હકીકતોને ફરીથી દોહરાવવામાં આવેલ નથી. હાલના કેસમાં રજૂ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, આંકઃ૦૮ થી અસલ ચેક, આંકઃ૦૯ થી અસલ રીટર્ન મેમો તથા આંકઃ૧૦ થી ડિમાન્ડ નોટિસની સ્થળપ્રત રજુ કરેલ છે. આ કામના ફરિયાદીએ પોતાની ફરિયાદ તથા સરતપાસના સોગંદનામા જણાવ્યા મુજબ આરોપીએ આઇ.સી.આઇ. સી.આઇ. બેંક, આશ્રમ રોડ, અમદાવાદ શાખાનો તા.૧૯.૦૩.૨૦૧૩ ના રોજનો ચેક નં.૭૫૨૪૯૩નો આરોપીના ખાતા નં.૦૧૮૯૦૫૦૦૧૭૧૩નો રૂા.૨,૦૦,૦૦૦ (અંકે રૂપિયા બે લાખ પુરા)નો ફરીયાદી પેઢીમા પોતાની સહી કરીને ફરીયાદીને આપેલ. સદર ચેક આ કામનાં ફરિયાદીએ પોતાનું ખાતુ ધરાવતી યુકો બેંક, ન્યુ કલોથ માર્કેટ, અમદાવાદ શાખામાં પોતાના ખાતા નં.૦૪૦૯૦૨૧૦૦૦૧૪૮૬ માં તા.૧૯.૦૩.૨૦૧૩ ના રોજ ક્લિયરિંગ માટે જમા કરાવતાં, મજકુર ચેક

તા.૨૦.૦૩.૨૦૧૩ ના રોજ "ફન્ડસ ઈન્સફીસીયન્ટ" ના શેરાથી સ્વીકાર્યા વગર પરત થયેલ. તે અંગેની જાણ ફરીયાદીને તેમની બેંકે તા.૨૨.૦૩.૨૦૧૩ ના રોજ કરેલ. જેથી, ફરીયાદીએ પોતાના વિ.વકીલશ્રી મારફતે તા.૧૬.૦૪.૨૦૧૩ ના રોજ આરોપીને કાયદાનુસારની ચેક રીટર્ન થયાની જાણ કરતી નોટીસ આપેલ. સદર નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતાં તેમજ સ્ટેચ્યુટરી પિરિયડ દિન ૧૫ પૂર્ણ થયેલ હોવા છતાં આરોપીએ નાણાંની ચુકવણી કરેલ ન હોય હાલની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. હાલની ફરિયાદમાં નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ તથા ૧૪૨ અન્વયે સ્ટેચ્યુટરી જોગવાઈઓનું પાલન થયેલ છે તેમજ સમય મર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે. આમ, ફરિયાદીએ "Execution of Cheque" પુરવાર કરેલ છે.

હવે એ નક્કી કરવાનું રહે છે કે, આ કામનાં આરોપી એક્ટ – ૧૮૮૧ ની કલમ ૧૩૯ હેઠળનાં ફરિયાદીની તરફેણનાં અનુમાનનું ખંડન કરવામાં સફળ રહેલ છે કે કેમ ?

(૧૨) આરોપીએ કાયદામા આપેલ અનુમાનનું ખંડન કઈ રીતે કરવુ તે બાબતે ના.સુપ્રિમ કોર્ટે હીતેન પી. દલાલ વિરુધ્ધ ભ્રતીન્દ્રનાથ બેનરજીના ચુકાદામા સ્પષ્ટપણે જણાવેલ છે.

> "Hiten P. Dalal v. Bratindranath Banerjee" જે AIR 2001 SUPREME COURT 3897 જેમા નામદાર સર્વોચ્ચ અદાલતે એમ ઠરાવેલ છે કે, Section 139 provides that "it shall be presumed, unless the contrary is proved, that the

holder of a cheque received the cheque, of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability." The effect of these presumptions is to place the evidential burden on the accused of proving that the cheque was not received by the complainant towards the discharge of any liability. Because both Sections 138 and 139 require that the Court "shall presume" the liability of the drawer of the cheques for the amounts for which the cheques are drawn, as noted in it is obligatory on the Court to raise this presumption in every case where the factual basis for the raising of the presumption had been established. It introduced an exception to the general rule as to the burden of proof in criminal cases and shifts the onus on to the accused. Such a presumption is a presumption of law, as distinguished from a presumption of fact which describes provisions by which the Court "may presume" a certain state of affairs. Presumptions are rules of evidence and do not conflict with the presumption of innocence, because by the latter all that is meant is that the prosecution is obliged to prove the case against the accused beyond reasonable doubt. The obligation on the prosecution may be discharged with the help of presumptions of law or fact unless the accused adduces evidence showing the

reasonable possibility of the non existence of the presumed fact. (Paras 20, 21)

The distinction between the two kinds of presumption lay not only in the mandate to the Court, but also in the nature of the evidence required to rebut the two. In the case of discretionary presumption the presumption if drawn may be rebutted by an explanation which 'might reasonably be true and which is consistent with the innocence" of the accused. On the other hand in the case of a mandatory presumption "the burden resting on the accused person in such a case would not be as light as it is where a presumption is raised under Section 114 of the Evidence Act and cannot be held to be discharged merely by reason of the fact that the explanation offered by the accused is reasonable and probable. It must further be shown that the explanation is a true one. The words 'unless the contrary is proved' which occur in this provision make it clear that the presumption has to be rebutted by proof and not by a bare explanation which is merely plausible. A fact is said to be proved when its existence is directly established or when upon the material before it the Court finds its existence to be so probable that a reasonable man would act on the supposition that it exist. Unless therefore, the explanation is supported by proof, the presumption created by

the provision cannot be said to be rebutted.

જેથી સદર સિધ્ધાંતોને ધ્યાનમા રાખી આ કામે પડેલ પુરાવો ધ્યાને લેવામા આવે તો, આ કામે આરોપી તરફે બચાવ લેવામાં આવેલ કે, ફરિયાદી જયલક્ષ્મી ફાયનાન્સનાં માલિક છે તેવો પુરાવો રજુ કરી શકેલ નથી. તેમજ જયલક્ષ્મી ફાયનાન્સ રજિસ્ટર્ડ વગરની સંસ્થા છે તેમજ ગેરકાયદેસર ધંધો કરે છે અને ફરિયાદી સાથે આરોપીનો કોઇ કરાર થયેલ નથી. વધુમાં, આરોપી દ્વારા બચાવ લેવામાં આવેલો કે, આરોપી દ્વારા સામાવાળાનો ધંધો બાલાજી ટ્રાન્સપોર્ટ બતાવેલો છે પરંતુ બાલાજી ટ્રાન્સપોર્ટને તહોમતદાર બનાવેલ નથી. વધુમાં, આરોપી તરફે દલીલ કરવામાં આવેલ કે, ફરિયાદી સામાવાળાને વ્યક્તિગત નામથી ધિરાણ આપતા અગાઉ ફરિયાદીએ આરોપીની કોઇપણ જાતની સધ્ધરતાના પુરાવા વ્યાજમાં લીધા બાદ વાહન ધીરાણ લેવાનું આક્ષેપ કરે છે. ખરી હકીકતે હાલના કામે આક્ષેપ કરેલ વાહનનાં હાઇપોથીકેસન અંગેનો કોઇ આરટીઓ સર્ટીફિકેટ રજૂ કરેલ નથી. વધુમાં, સદર વાહન આજદીન સુધી કોના નામે ચાલે છે તેની માહિતી પુરાવા નામદાર કોર્ટમાં રજુ કરવામાં ફરિયાદી નિષ્ફળ ગયેલ છે. ફરિયાદીએ માત્ર આંકઃ૧૩ થી ધિરાણ મેળવવાનો વિનંતી પત્ર તથા આંકઃ૧૪ ધિરાણ અંગેનો એગ્રીમેન્ટ રજૂ કરેલો છે. જે પ્રમાણે આક્ષેપિત રકમ રૂા.૩,૧૨,૫૦૦/- બતાવેલ છે પરંતુ સદર રકમ કયા વાહન પેટે છે તેનો ઉલ્લેખ નથી. વધુમાં, ફરિયાદી પોતે ઉલટતપાસમાં જણાવે છે કે, આ સામાવાળા ટ્રાન્સપોર્ટનો ધંધો કરે છે. તેમાં, કારોનો ઉપયોગ થતો નથી ફક્ત ટ્રકનો ઉપયોગ થાય છે છતા પણ કાર ઉપર ધિરાણ આપીને ગળે પડ્યાનું કબુલ કરે છે. ફરિયાદીએ આપેલ ધિરાણની રકમની એન્ટ્રી કયા ચોપડામાં રજૂ કરેલ છે તે

ચોપડો રજૂ કરેલ નથી. વધુમાં, આરોપીને નોટીસ યોગ્ય રીતે બજેલી તે પણ નિશંકપણે પુરવાર થતુ નથી. વધુમાં, ફરિયાદીએ કોર્ટ સમક્ષ રજૂ કરેલ સોગંદનામામાં જણાવેલ કે, એ મતબલનુ સોગંદનામુ રજૂ કરે છે કે વાહનો ઉપર હાયપરચેસ એગ્રીમેન્ટથી ધિરાણ કરવાનું કામ કરે છે યાને કે હાયર પરચેસ હેઠળ જો કોઇ વાહન ખરીદાતુ હોય તો સદર વાહન જે તે ફાયનાન્સ કંપનીના નું યાને કે માલિકી હક્ક હાયર પરચેસ હાઇપોથીકેટેડ કરનારનું હોય છે. જેમાં કોઇપણ કંપની બેંક, પેઢીના રિઝર્વ બેંકના કાયદા મુજબ વ્યાજ લઇ શકે છે. વધુમાં, વાહન ઉપર હાયપોથીકેસનમાં કેટલા ટકા વ્યાજથી ધિરાણ કરવામાં આવેલ તેનો કોઇ ચોક્કસ ઉતર આપવામાં આવેલ નહિ. પરતું, ફરિયાદી જણાવે છે કે, અઢી લાખની ગ્રાન્ટનું બાસઠ હજાર પાચસો કમીશનનાં ઉમેરેલ હતાં. સદર રકમ ૨૫ માસ માટે આપેલી. વાહન હાયર પરચેઝ હોય તો મજકુર વાહન કોના નામે ખરીદેલ તેનો કોઇ સ્પષ્ટ ઉલ્લેખ સરતપાસ કે ઉલટતપાસમાં નથી.

(૧૩) ફરિયાદીએ તેમની આંકઃ૦૫ ની ઉલટતપાસમાં જણાવેલ છે કે, ફરિયાદી પેઢી ગુમાસ્તાધારામાં રજિસ્ટર્ડ કરાવેલ છે તે સિવાયની બીજી કોઇ જગ્યા રજિસ્ટર્ડ કરાવેલ નથી અને તેઓએ ફાયનાન્સનાં ધંધા કરવા માટે સરકારની કોઇ મંજૂરી મેળવેલ નથી. જેથી ફરિયાદીનું લેણુ કાયદેસરનું છે કે કેમ? તે સ્પષ્ટપણે સાબિત થાય છે કે આ કાયદેસરનું લેણુ નથી. સરકારશ્રીનાઓએ ફાયનાન્સ કરવા માટેના નિતીનિયમો લાયસન્સ રજિસ્ટ્રેશન અને રજીસ્ટ્રેશન રિન્યુ માટેની ઇન્કમટેક્ષ, આર.બી.આઇ. વિગેરેની ગાઇડલાઇન, નિયમો, કાયદાઓ વિગેરે છે અને કોઇપણ

વ્યક્તિ આવો ફાયનાન્સનો ધંધો કરે તે ગેરકાયદેસર છે. વધુમાં, ફરિયાદીએ પોતાની ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વિકારેલ છે કે, તેઓએ લાયસન્સ મેળવવા માટે કોઇ અરજી કરેલ નથી અને ફોર્મ પણ ભરેલ નથી એનો સીધો મતલબ એ છે કે, ફરિયાદીનાઓ ગેરકાયદેસર ફાયનાન્સનો ધંધો કરી અજુગતુ, અયોગ્ય અને દેશના નાણાકીય લેણાં અને આર્થિક તંત્રને નુકસાન કરવાનું કામ કરેલુ છે અને આવી ગેરકાયદેસર પ્રવૃતિથી સરકારીશ્રીનાં અન્ય ખાતાઓ જેવા કે ઇન્કમટેક્ષ વિગેરેમાં પણ બતાવ્યા વગર આવી ગેરકાયદેસરની પ્રવૃતિ કરે છે. જેથી, ફરિયાદીને ગેરકાયદેસર ધંધાનાં સંદર્ભમા ચેક બાઉન્સીંગની ફરિયાદ કરવાનો હક્ક કે અધિકાર બનતો નથી. વધુમાં, ફરિયાદીનાઓએ જીજે૦૧–એચકે–૯૯૩૧ બાબતે રૂા.૨,૫૦,૦૦૦/– ની લોન આપેલ હોવાનુ જણાવેલું છે તે વાહન જયલક્ષ્મી ફાયનાન્સના નામે હતુ નહિ અને આજદીન સુધી પણ નથી. જો ખરેખર સદર વાહન હાયપોથીકેસન, હાયર પરચેઝ કે મોર્ગેજ થયુ હોય તો સદરહું વાહનમાં આરટીઓ ઓફીસમાં સરકારી દફતરમાં કે આરસી બુકમાં કોઇપણ જગ્યાએ જયલક્ષ્મી ફાયનાન્સનાં માલિકનાં નામે ચોક્કસપણે બતાવવું જોઇએ જે બતાવતુ નથી. સદર અનુસંધાને તહોમતદારનાઓએ આરટીઓ ઇન્સપેક્ટરને તપાસેલ છે અને તેઓએ તેમની સરતપાસમા સદર વાહન શીવપ્રસાદ શર્માના નામે ચાલતુ હોય તેવી હકીકત જણાવેલી છે. જેથી, ફરિયાદીની સરતપાસ અને ઉલટતપાસથી ફરિયાદી તથા તહોમતદાર સાથે ઘણા વર્ષોનાં સબંધ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે અને તેમની સાથે પચ્ચીસથી વધારે વખત ધિરાણ કરીને તવેરા, નેક્સ સ્વીફ્ટ ઇન્ડીગો કાર, બે ટ્રકો, ઇન્ડિકા વિસ્ટા, તેમજ બીજા ત્રણ ચાર વાહનો લીધેલા હોવાની

હકીકત જણાઇ આવે છે. હવે આરોપીનો બચાવ છે કે, હાલના ફરીયાદી જયલક્ષ્મી ફાયનાન્સ સાથે સંબંધ ધરાવતા હોવા બાબતનો કોઇ પુરાવો ફરીયાદી દ્રારા રજુ કરવામા આવેલ નથી. હવે બચાવપક્ષની સદર દલીલને ધ્યાનમા રાખી આ કામે પડેલ પુરાવો ધ્યાને લેવામા આવે તો, હાલના કામે આંકઃ૧૩ થી પ્રપોઝલ ફોર્મ છે તેમા જયલક્ષ્મી ફાયનાન્સનો સિક્કો છે અને આંકઃ૧૪ થી રજુ લોન એગ્રીમેન્ટમા જયલક્ષ્મી ફાયનાન્સ તરીકે જે સહી છે તેજ સહી હાલની ફરીયાદમા ફરીયાદીની હોય તેમ છે અને સદર સહી બાબતમા આરોપી દ્રારા કોઇ તકરાર લેવામા આવેલ નથી. વધુમા આ કામે યુકો બેન્કનો એકાઉન્ટ નં.૦૪૦૯૦૨૧૦૦૦૧૪૮૬ ના ખાતાના ઉતારાની નકલ છે. જેમા જયલક્ષ્મી ફાયનાન્સનો પ્રાઇમરી હોલ્ડર તરીકે નામ છે અને જોઇટ હોલ્ડરમા નિર્મલકુમાર ચંપાલાલ જૈન એટલે હાલના ફરીયાદીનું નામ જણાઇ આવે છે. જેથી હાલના ફરીયાદી જયલક્ષ્મી ફાયનાન્સ સાથે કોઇ સંબંધ ધરાવતા નથી તેવુ સ્પષ્ટરીતે માની શકાય તેવી કોઇ હકીકત બચાવપક્ષ દ્રારા રેકર્ડ ઉપર લાવવામા આવેલ નથી.

(૧૪) હવે આરોપીનો બચાવ કે, ફરીયાદીએ પેઢી ગુમાસ્તા ધારા સિવાય બીજી કોઇ જગ્યાએ રજીસ્ટર્ડ કરાવેલ નથી અને ફરીયાદી દ્રારા ગેરકાયદેસર રીતે ફાયનાન્સનો ધંધો કરવામા આવે છે. પરંતુ આ કામે આરોપી દ્રારા સવાલવાળા ચેકમા સહી બાબતની કોઇ તકરાર લેવામા આવેલ નથી અને ફરીયાદી ફાયનાન્સનો ધંધો જો ગેરકાયદેસરરીતે કરતા હોય તો તે બાબતે સરકાર દ્રારા નિગરાની રાખવામા આવે છે અને તે બાબતમા આરોપી સંબંધીત કચેરીમા રજુઆત કરી શકે અને

જયાસુધી ફરીયાદીની પેઢી ગેરકાયદેસર રીતે ધંધો કરે છે તે હકીકત રેકર્ડ ઉપર ના આવે ત્યાસુધી સવાલવાળો ચેક કાયદેસરના લેણા પેટેનો ન હતો તે હકીકતનું ખંડન થતુ નથી.

(૧૫) હવે આરોપી તરફે ચેકની વિગત બાબતમા તકરાર લેવામા આવેલ છે કે, આંકઃ૦૮ વાળા ચેકમા આરોપીની સહી હિન્દીમા છે જયારે બાકી તમામ હકીકતો જુદી ભાષામા લખેલ છે અને તે હકીકતનો ફરીયાદીએ સ્વીકાર કરેલ છે. તેમજ સદર ચેકની તમામ વિગતો આરોપીએ ભરેલ નથી. જેથી બચાવપક્ષની સદર દલીલ ધ્યાને લઇ અત્રેની કોર્ટ દ્વારા **BIR SINGH v/s MUKESH KUMAR LAWS(SC) 2019 - 2 - 45.** નો ચુકાદો વંચાણે લેવામા આવેલ છે. સદર ચુકાદામા ના.સુપ્રિમ કોર્ટે ઠરાવેલ કે જો આરોપી દ્વારા સહી બાબતની કોઇ તકરાર લેવામા આવેલ ન હોય અને સવાલવાળા ચેકમા જો વિગત કોઇપણ વ્યકિત દ્વારા ભરવામા આવેલ હોય તેવા સંજોગોમા સદર વિગતો ભરવા માટે ચેકના સહી કરનાર નાઓએ સત્તા આપેલી છે. તેમ માની શકાય અને સદર ચુકાદાનો રેલીવેન્ટ પેરા નીચે મુજબ છે.

> **36.** The proposition of law which emerges from the judgments referred to above is that the onus to rebut the presumption under Section 139 that the cheque has been issued in discharge of a debt or liability is on the accused and the fact that the cheque might be post dated does not absolve the drawer of a cheque of the penal consequences of Section 138 of the Negotiable Instruments Act.
>
> **37.** A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut

the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.

38. If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may fill up the amount and other particulars. This in itself would not invalidate the cheque. The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.

39. It is not the case of the respondent-accused that he either signed the cheque or parted with it under any threat or coercion. Nor is it the case of the respondent-accused that the unfilled signed cheque had been stolen. The existence of a fiduciary relationship between the payee of a cheque and its drawer, would not disentitle the payee to the benefit of the presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of evidence of exercise of undue influence or coercion. The second question is also answered in the negative.

40. Even a blank cheque leaf, voluntarily signed and handed over by the accused, which is towards some payment, would attract presumption under Section 139 of the Negotiable Instruments Act, in the absence of any cogent evidence to show that the cheque was not issued in discharge of a debt.

41. The fact that the appellant-complainant might have been an Income Tax practitioner conversant with knowledge of law does not make any difference to the law relating to the dishonour of a cheque. The fact that the loan may not have been advanced by a cheque or demand draft or a receipt might not have been obtained would make no difference. In this context, it would, perhaps, not be out of context to note that the fact that the respondent-accused should have given or signed blank cheque to the appellant complainant, as claimed by the respondent-accused, shows that initially there was mutual trust and faith between them.

42. In the absence of any finding that the cheque in question was not signed by the respondent-accused or not voluntarily made over to the payee and in the absence of any evidence with regard to the circumstances in which a blank signed cheque had been given to the appellant-complainant, it may reasonably be presumed that the cheque

> was filled in by the appellant-complainant being the payee in the presence of the respondent-accused being the drawer, at his request and/or with his acquiescence. The subsequent filling in of an unfilled signed cheque is not an alteration. There was no change in the amount of the cheque, its date or the name of the payee. The High Court ought not to have acquitted the respondent-accused of the charge under Section 138 of the Negotiable Instruments Act.

જેથી સદર ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાતો ધ્યાને લેતા હાલના કેસમા આરોપી દ્વારા ચેકમા સહી બાબતની કોઈ તકરાર લેવામા આવેલ નથી. જેથી જ્યાંસુધી સહી બાબતની કોઇ તકરાર ના હોય ત્યારે ચેક આપનારે તેમા વિગત ભરવાની સત્તા આપેલી છે તેમ માની શકાય. જેથી સવાલવાળા ચેકમા વિગત કોને ભરેલી તેનાથી ચેક મુજબનું નાણુ કાયદેસરના લેણા પેટેનું ન હતું એ હકીકતનું ખંડન થતુ નથી.

(૧૬) હવે આરોપી તરફે બચાવ લેવામા આવેલો કે, હાલના કામે જે નોટીસ ફરીયાદી તરફે રજુ કરવામા આવેલી તેમા ફરીયાદીની સહી નથી અને નોટીસ આરોપીને બજેલ નથી. નોટીસ જેને બજેલ છે તે આરોપીની સાથે જ રહે છે, એક છત્રછાયા હેઠળ રહે છે તે સાબીત થયેલ નથી. જેથી બચાવપક્ષની સદર દલીલ ના અનુંસધાને અત્રેની કોર્ટ દ્વારા નામદાર સુપ્રિમકોર્ટનો **C.C. Alavi HAJI v/s Palapetty Muhammed & Anr.** ધ્યાને લેવામા આવેલ છે. જેમા ના.સુપ્રિમ કોર્ટે ઓબર્ઝવ કરેલુ કે જો કોર્ટનો સમન્સ મળ્યાના ૧૫ દિવસની અંદર આરોપી દ્વારા ચેક મુજબની ભરપાઈ કરવામા ના આવે તો આરોપીને નોટીસ મળેલ નથી તેમ માની શકાય નહી.

(૧૭) વધુમા આરોપી તરફે બચાવ લેવામા આવેલો કે, આંકઃ૧૪ થી રજુ કરવામા આવેલ એગ્રીમેન્ટમા કોઈપણ જગ્યાએ સદરહુ વાહનનો કોઇ ઉલ્લેખ કરવામા આવેલ નથી અને એગ્રીમેન્ટના અંતમા "HIRER" નો શાબ્દિક અર્થ કિરાયેદાર કે ભાડુઆત વિગેરે હોઇ શકે, પરંતુ દેવાદાર તો નથી જ થતા અને જો "HIRER" તરીકેની સહી હોય તો કઇ વસ્તુ પર "HIRER" ન Hypo કે Hire Purchase કરેલ છે. તેવા કોઇ વાહન નો ઉલ્લેખ કે નંબર સદર આંકઃ૧૪ મા કરવામા આવેલ નથી અને સદર આંકઃ૧૪ વાળુ સ્ટેમ્પ, ફ્રેન્કિગ કરેલ છે. તે સ્ટેમ્પ જીવન નાગરીક સહકારી બેંક મા નુ છે. અને તેમાં તા.૨૮.૧૨.૨૦૧૦ નો ખરીદ કરેલ સ્ટેમ્પ છે અને તેમાં "HIRER" ની સહી તથા જયલક્ષ્મી ફાયનાન્સ ના વતી કરેલ સહીમા કોઇપણ જગ્યાએ તારીખનો ઉલ્લેખ કરેલ નથી. આ તમામ એગ્રીમેન્ટ સંપૂર્ણપણે અંગ્રેજી ભાષામાં લખેલ છે અને તેનું હિન્દીમા ટ્રાન્સલેટ કરીને કરાવીને સહી લીધેલ હોય તેવુ આંકઃ૧૪ મા જણાઇ આવતું નથી અને કોઇપણ સાક્ષીની સહી કરાવેલ નથી. પરંતુ હાલના કેસની સંપુર્ણ પ્રક્રિયા કાયદેસર રીતે પુર્ણ કરવામા આવેલ છે. વધુમાં, આરોપી દ્વારા તેમની ઉલટતપાસ કે વિશેષ નિવેદનની નોંધણી વખતે આવો કોઇ બચાવ લીધેલ નથી અને માત્ર દલીલના તબક્કે સદર દસ્તાવેજ તેમને હિન્દીમા ટ્રાન્સલેટ કરીને આપેલ નથી તેવી રજુઆત કરવામા આવેલ છે. સદર દલીલ ધ્યાને લઇ આંકઃ૧૪ વાળા એગ્રીમેન્ટ જોવામા આવે તો, સદર દસ્તાવેજમા પેજ ૮ ઉપર એકનોલેજમેન્ટ ઓફ એગ્રીમેન્ટમા આરોપીએ સહી કરેલ છે જેમા લખેલ છે કે સદર એગ્રીમેન્ટની નકલ આપવામા આવેલ છે અને એગ્રીમેન્ટની શરતો અને નિયમો આરોપીને સમજાવામા આવેલ છે. તેમજ સદર દસ્તાવેજની નકલ પણ તેમને પુરાવો

નોધતા પહેલા પુરી પાડવામા આવેલ છે. જેથી દલીલના તબક્કે સદર દસ્તાવેજ તેમને હિન્દીમા ટ્રાન્સલેટ કરીને સમજાવેલ નથી, તેનાથી તેમને કોઇ પ્રજ્યુડાઇસ થતુ હોય તેમ જણાઇ આવતુ નથી. તેમજ તેમના લેખીત દલીલમા આંકઃ૧૩ નો દસ્તાવેજ પ્રપોઝલ વાળા ફોર્મ હોય તેમ જણાવવામા આવેલ છે. જેથી તેઓ સદર દસ્તાવેજ કયા બાબતનો છે તેવી તેમને જાણ છે તેમ જણાઇ આવે છે. જેથી આરોપીને સદર દસ્તાવેજની કોઇ માહીતી નથી તેમ માની શકાય નહી. તેમજ માત્ર જયલક્ષ્મી ફાયનાન્સ ના વતી કરેલ સહીમા કોઇપણ જગ્યાએ તારીખનો ઉલ્લેખ કરેલ નથી તેનાથી સદર કાયદેસરનો નથી તેમ માની શકાય નહી. જેથી ખંડન થતુ નથી.

વધુમા આરોપીની દલીલ કે સદર વાહનની માલીકી કે હાઇપોથીકેશન અંગેનો કોઇ આર.ટી.ઓ. સર્ટીફિકેટ સમગ્ર ટ્રાયલ દરમ્યાન રજુ કરવામા આવેલ નથી. પરંતુ આરોપી દ્વારા એક બાજુ એવી રજુઆત કરવામા આવેલી કે સદર વાહન ઉપર કોઇ ધિરાણ થયેલ નથી અને ફરીયાદી દ્વારા ચેકનો દુરઉપયોગ કરવામા આવેલ છે તો આ કામે આરોપી દ્વારા એગ્રીમેન્ટમા કરવામા આવેલ સહી બાબતની કોઇ તકરાર લીધેલ નથી અને ચેકમા પણ સહી બાબતની કોઇ તકરાર લેવામા આવેલ નથી. તેમજ આરોપી તરફે જે આંકઃ૩૫ થી આર.ટી.ઓ. ઇન્સપેક્ટરને તપાસવામા આવેલ છે તેઓની ઉલટતપાસ ધ્યાને લેવામા આવે તો તેઓએ ઉલટતપાસમા જણાવેલુ કે, એ વાત ખરી છે કે, જી.જે.૦૧એચ.કે.૯૯૩૧ વાળા વાહનોમા હાઇપોથીકેશન હતુ કે કેમ તેની ઓફલાઇન કોઇ ખરાઇ કરેલ નથી અને તેઓએ માત્ર હાલની પરિસ્થિતી જણાવેલી છે. જેથી આંકઃ૩૫ થી તપાસવામા આવેલ સાહેદની જુબાનીથી કાયદમાં આપેલ અનુમાનોનુ ખંડન યોગ્ય રીતે થતુ

નથી. કારણ કે, આ કામે પ્રપોઝલ ફોર્મ છે, એગ્રીમેન્ટ છે અને આરોપીની ચેકમા સહી છે અને જો આરોપી દ્વારા એવો બચાવ લેવામા આવેલો કે ફરીયાદીએ કોરા ચેકનો દુરઉપયોગ કરેલો તો તેના માટે આરોપીએ કોઇ કાયદેસર પગલુ લીધુ હોય તેમ જણાઈ આવતું નથી. જેથી કાયદામા આપેલ અનુમાનોનું ખંડન યોગ્ય રીતે થતુ નથી.

આમ ઉપરોકત તમામ ચર્ચા ને અંતે રજુ પુરાવાના આધારે આ કામે બચાવ પક્ષ વટાઉખત અધિ.ની કલમ ૧૩૯ અન્વયે ફરિયાદ પક્ષની તરફેણમાં આપવામાં આવેલ આદેશાત્મક અનુમાનનુંખંડન કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે તેવા સંજોગો માં મુદા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવી આ કામના આરોપીએ વટાઉખત અધિ.૧૮૮૧ની કલમ ૧૩૮ અન્વયે સજાને પાત્ર ગુન્હો કર્યો હોઈ મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામા આવે છે.

:: આ ખ રી હુ ક મ ::

(૧) આ કામના આરોપી ધર્મેન્દ્રભાઇ શીવનારાયણભાઇ ગુપ્તા, રહે- ૮૦૭, સંત રોહીદાસ સોસાયટી, મુ.ભાટ ગામ, તા.જી.ગાંધીનગરનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૨) હેઠળ ધી નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૮૮૧ ની કલમ-૧૩૮ ના ગુનામાં **દોષિત** ઠરાવવામાં આવે છે.

(૨) આ કેસ આરોપીને સજાના પ્રમાણ અંગે સાંભળવા માટે મુલત્વી રાખવામા આવે છે.

(૩) નિયમસર પ્રથમ ભાગની હુકમની નકલ આરોપીઓને વિના મુલ્યે પુરી પાડવી.

હુકમ આજ રોજ તારીખઃ–૧૬મી, માહે–જાન્યુઆરી, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૦૧/૨૦૨૩
સ્થળઃ અમદાવાદ.

(કપિલ દેવ દ્વિવેદી)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
ને.ઇ.એ.ની કોર્ટ–૨૭, અમદાવાદ.
જજ કોડઃ જીજે ૦૧૩૦૮

:: આ ખ રી હુ ક મ (ભાગ–૨)::

:: સજાના પ્રમાણ અંગે ::

આરોપીપક્ષે દલીલ સાંભળી. આરોપીપક્ષેથી દલીલ છે કે પ્રથમ ગુન્હો છે, ખોટી રીતે ફસાય ગયેલ છે. સામાન્ય વર્ગના અને પરિવારમા જવાબદારીવાળી વ્યકિત છે, સમાજમાં પ્રતિષ્ઠા ધરાવે છે, કેસની કાર્યવાહીમાં નિયમિત હાજર રહેલા છે, હંમેશા કાયદાનું પાલન કરેલ છે. આવા સંજોગોમાં એકદમ હળવી સજા કરવી જોઇએ અને કેદની સજા તો ના જ કરવી જોઇએ અને અત્યંત હળવો દંડ કરવો જોઇએ કે જેથી આરોપીને તક મળે.

ફરીયાદપક્ષના વિ.વ.શ્રીની દલીલ છે કે, લાંબી કાર્યવાહીના અંતે નિર્ણય થયેલ હોય, આરોપી કસુરવાર હોય ફરીયાદીને નામ. સર્વોચ્ચ અદાલતના સિધ્ધાંત મુજબ સજા કરી ફરીયાદીને વળતર આપવા હુકમ કરશો. બન્ને પક્ષોની દલીલો સાંભળી ગંભીરતાપૂર્વક વિચારણામાં લીધી. આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતે આર. વિજયન વિરુધ્ધ બેબી ૨૦૧૧(૭) સુપ્રીમ ૩૫૬ ના ચુકાદાના પેરેગ્રાફ ૧૫, ૧૬, ૧૭ અત્રે રીપ્રોડયુસ કરવા અત્યંત જરૂરી છે.

15. The apparent intention is to ensure that not only the offender is punished, but also ensure that the complainant invariably receives the amount of the cheque by way of compensation under section 357(1)(b) of the Code. Though a complaint under section 138 of the Act is in regard to criminal liability for the offence of dishonouring the cheque and not for the recovery of the cheque amount, (which strictly speaking, has to be enforced by a civil suit), in practice once the criminal complaint is lodged under section 138 of the Act, a civil suit is

seldom filed to recover the amount of the cheque. This is because of the provision enabling the court to levy a fine linked to the cheque amount and the usual direction in such cases is for payment as compensation, the cheque amount, as loss incurred by the complainant on account of dishonour of cheque, under section 357(1)(b) of the Code and the provision for compounding the offences under section 138 of the Act. Most of the cases (except those where liability is denied) get compounded at one stage or the other by payment of the cheque amount with or without interest. Even where the offence is not compounded, the courts tend to direct payment of compensation equal to the cheque amount (or even something more towards interest) by levying a fine commensurate with the cheque amount. A stage has reached when most of the complainants, in particular the financing institutions (particularly private financiers) view the proceedings under section 138 of the Act, as a proceeding for the recovery of the cheque amount, the punishment of the drawer of the cheque for the offence of dishonour, becoming secondary.

16. Having reached that stage, if some Magistrates go by the traditional view that the criminal proceedings are for imposing punishment on the accused, either imprisonment or fine or both, and there is no need to compensate the complainant, particularly if the complainant is not a 'victim' in the real sense, but is a well-to-do financier or financing institution, difficulties and complications arise. In those cases where the discretion to direct payment of compensation is not exercised, it causes considerable difficulty to the complainant, as invariably, by the time the criminal case is decided, the limitation for filing civil cases would have expired. As the provisions of Chapter XVII of the Act strongly lean towards grant of reimbursement of the loss by way of compensation, the courts should, unless there are special circumstances, in all cases of conviction, uniformly exercise the power

to levy fine upto twice the cheque amount (keeping in view the cheque amount and the simple interest thereon at 9% per annum as the reasonable quantum of loss) and direct payment of such amount as compensation. Direction to pay compensation by way of restitution in regard to the loss on account of dishonour of the cheque should be practical and realistic, which would mean not only the payment of the cheque amount but interest thereon at a reasonable rate. Uniformity and consistency in deciding similar cases by different courts, not only increase the credibility of cheque as a negotiable instrument, but also the credibility of courts of justice.

17. We are conscious of the fact that proceedings under section 138 of the Act cannot be treated as civil suits for recovery of the cheque amount with interest. We are also conscious of the fact that compensation awarded under section 357(1)(b) is not intended to be an elaborate exercise taking note of interest etc. Our observations are necessitated due to the need to have uniformity and consistency in decision making. In same type of cheque dishonour cases, after convicting the accused, if some courts grant compensation and if some other courts do not grant compensation, the inconsistency, though perfectly acceptable in the eye of law, will give rise to certain amount of uncertainty in the minds of litigants about the functioning of courts. Citizens will not be able to arrange or regulate their affairs in a proper manner as they will not know whether they should simultaneously file a civil suit or not. The problem is aggravated having regard to the fact that in spite of section 143(3) of the Act requiring the complaints in regard to cheque dishonour cases under section 138 of the Act to be concluded within six months from the date of the filing of the complaint, such cases seldom reach finality before three or four years let alone six months. These cases give rise to complications where civil suits have not been filed within three years on account of the

pendency of the criminal cases. While it is not the duty of criminal courts to ensure that successful complainants get the cheque amount also, it is their duty to have uniformity and consistency, with other courts dealing with similar cases.

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે સદર પોતાના ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, ભારતભરની અદાલતોમાં ચેક રીટર્નના સજાવાળા કેસોમા એક સરખી સજા થાય અને તે સજામાં ફરીયાદીને ૯% વ્યાજ સાથે વળતર મળે તો જ આ નેગોશિએબલ ઇન્સ્ટુમેન્ટના કાયદાનો હેતુ સરશે. વધુમા નામદાર સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટતા પણ કરેલ છે કે, જો ખાસ સંજોગો હોય તો જ અદાલતે સદર સિવાયનો અન્ય મત (view) અપનાવવો જોઇએ. પરંતુ તે માટે અપવાદરૂપ સંજોગો હોવા જોઇએ.

હાલના કેસમા આરોપીને દોષિત ઠરાવેલ છે. આરોપી તરફે આવા કોઇ અપવાદરૂપ સંજોગો હોય તેવી કોઇ હકીકત કે આધાર નથી. આમ, નામદાર સર્વોચ્ચ અદાલતના આર.વિજયનના ચુકાદા પર આધાર રાખી તથા આ કેસના સંજોગો ધ્યાને લઇ સજા અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

:: આ ખ રી હુ ક મ ::

(૧) આ કામના આરોપી ધર્મેન્દ્રભાઇ શીવનારાયણભાઇ ગુપ્તા, રહે- ૮૦૭, સંત રોહીદાસ સોસાયટી, મુ.ભાટ ગામ, તા.જી.ગાંધીનગરનાઓને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૮૮૧ ની કલમ-૧૩૮ ના ગુન્હા સાબીતી બદલ ફોજદારી કોર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ-૨૫૫(૨) હેઠળ આરોપીને એક વર્ષની સાદી

કેદની સજા તથા આ જ કાયદાની કલમ–૩૫૭(૩) હેઠળ ફરીયાદીને રૂા.૨,૦૦,૦૦૦/–(અંકે બે લાખ રૂપિયા) તા.૨૦.૦૩.૨૦૧૩ (ચેક રીટર્ન તારીખ) થી ૯% વ્યાજ સાથે (રકમ ચૂકવતા સુધી)ની રકમ આજની તારીખથી વધુમાં વધુ છ અઠવાડીયામાં એકી સાથે વળતર તરીકે ચુકવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી વળતરની રકમ ફરીયાદીને ચુકવી ના આપે તો વધુ ૬(છ) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીને જયુડીશીયલ કસ્ટડીમાં લેવામાં આવે છે. જરૂરી વોરન્ટ ભરવા, યાદી તૈયાર કરવી.

(૪) હુકમના આ ભાગની નકલ પણ આરોપીને વિનામૂલ્યે પુરી પાડવી.

હુકમ આજ રોજ તારીખઃ–૧૬મી, માહે–જાન્યુઆરી, સને–૨૦૨ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૬/૦૧/૨૦૨૩
સ્થળઃ અમદાવાદ.

(કપિલ દેવ દ્વિવેદી)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
ને.ઇ.એ.ની કોર્ટ–૨૭, અમદાવાદ.
જજ કોડઃ જીજે ૦૧૩૦૮